વડોદરા - છોટાઉદેપુર જિલ્લામા અવિરત વરસાદથી જનજીવન ખોરવાયું

નસવાડી તાલુકામાં બે દિવસ સતત વરસાદથી 30 જેટલા પશુઓના મોત 7 જેટલાં મકાનો જમીન દોષ

નસવાડી તાલુકામાં વિનાશક વરસાદ: જાનમાલનું ભારે નુકસાન, તંત્રની રાહ જોવાઈ રહી છે

(પ્રતિનિધિ) નસવાડી, તા. 1

નસવાડી તાલુકામાં સતત બે દિવસ થયેલા અતિવૃષ્ટિના કારણે વ્યાપક વિનાશ સર્જાયો છે. બે દિવસીય ધોધમાર વરસાદને પગલે જ્યાં 30 જેટલા મૂલ્યવાન પશુઓ મોતને ભેટી ગયા છે, ત્યાં 7 જેટલા મકાનો પણ જમીનદોસ્ત થઈ ગયા છે, જેના કારણે અનેક પરિવારો બેઘર બન્યા છે। અશ્વિન નદીના કિનારે આવેલા ગામડાઓમાં અચાનક આવેલા પુરના કારણે સ્થિતિ વધુ ગંભીર બની છે. આ વિનાશક પૂરના કારણે 50થી વધુ ગામો પ્રભાવિત થયા છે, જેના પગલે સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક અસરગ્રસ્ત વિસ્તારોમાં સર્વેની કામગીરી શરૂ કરવામાં આવી છે નસવાડી તાલુકા પંચાયતના તાલુકા વિકાસ અધિકારી દ્વારા તમામ તલાટીઓને ગામડાઓમાં પહોંચીને નુકસાનનું મૂલ્યાંકન કરવાના આદેશ આપવામાં આવ્યા છે. જે લોકોના ઘરોમાં પાણી ઘૂસી ગયા છે, તેમજ જે દુકાનોને નુકસાન થયું છે, તે તમામની વિગતવાર માહિતી એકઠી કરવામાં આવી રહી છે. જોકે, અત્યાર સુધી તંત્ર દ્વારા કોઈ પણ પ્રકારની સહાયની ચૂકવણી કરવામાં આવી નથી, જેના કારણે અસરગ્રસ્ત લોકોની મુશ્કેલીમાં વધારો થયો છે અશ્વિન નદીના કિનારે આવેલા ગામોમાં પુરના કારણે લોકોની ઘરવખરી તેમજ સંગ્રહેલ અનાજ પણ પલળી ગયું છે. આ ભયાવહ પરિસ્થિતિને કારણે અનેક પરિવારોના ચૂલા ઠપ્પ થઈ ગયા છે, જે તેમની ભયાનક આર્થિક સ્થિતિ દર્શાવે છે. અસરગ્રસ્તો દ્વારા માંગણી કરવામાં આવી રહી છે કે જે ગામોમાં સૌથી વધુ નુકસાન થયું છે, ત્યાં તાત્કાલિક ધોરણે રાહત અને બચાવ કાર્યો શરૂ કરવામાં આવે અને યોગ્ય સહાય પૂરી પાડવામાં આવે. અશ્વિન અને મેન નદીઓ ગાંડીતુર બનતા થયેલા આ નુકસાને સ્થાનિકોની ચિંતા વધારી દીધી છે.ત્યારે તંત્રએ જે ગામોમાં વધારે અસર થઈ હોય તે ગામોમાં વહેલી તકે સહાય ચૂકવવી જોઈએ તેવી માંગ ઉઠી છે હાલ તો અશ્વિન નદી મેન નદી બે નદીઓ ગાંડીતુર બનતા ભારે નુકશાન થયું છે અનેક રસ્તાઓ ધોવાયા છે કેટલાક રસ્તાઓ બંધ થઇ ગયા છે જેને લઇ નસવાડી તાલુકામાં વરસાદને લઇ જન જીવન અસ્ત વ્યસ્ત બન્યું છે.

ધનપુરમાં કરુણાંતિકા:પાણીમાં તણાયેલી ૪ વર્ષની બાળકીનો મૃતદેહ મળ્યો

NDRFની ટીમ સતત શોધખોળમાં લાગી હતી અને આખરે આજે વહેલી સવારે બાળકીનો મૃતદેહ મળી આવ્યો

(પ્રતિનિધિ) બોડેલી , તા. 1

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના ધનપુર વસાહતમાં રહેતા સુરેશભાઈ ચંદુભાઈ રાઠવા પરિવાર સાથે ખેતરેથી પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા. છેલ્લા કેટલાક દિવસોથી જિલ્લામાં પડી રહેલા ભારે વરસાદના કારણે કોતરો અને નાળા પાણીથી છલકાઈ રહ્યા છે. ત્યારે ખેતરે ગયેલો ખેડૂત પરિવાર ઘરે પરત ફરી રહ્યો હતો ત્યારે રસ્તામાં આવેલા કોતરમાં અચાનક પાણીનો પ્રવાહ વધી ગયો. પાણીનો પ્રવાહ એટલો જોરદાર હતો કે પળવારમાં પરિવારના સભ્યો સંતુલન ગુમાવી પાણીમાં ખેંચાઈ ગયા. પરિવારના સભ્યોને પાણીમાં તણાતા જોઈ સુરેશભાઈ રાઠવાએ પોતાના જીવની પરવા કર્યા વિના તમામને બચાવવા માટે ભારે જહેમત ઉઠાવી. તેમની બહાદુરીના કારણે પરિવારના ચાર સભ્યોનો આબાદ બચાવ થયો. પરંતુ બચાવની આ જહેમત વચ્ચે એક કરુણ ઘટના બની. પરિવારને બચાવવાના પ્રયાસ દરમિયાન દાદાના હાથમાં રહેલી ચાર વર્ષની માસૂમ રિયાન્સી હાથમાંથી છટકી ગઈ અને ઘસમસતા પાણીના પ્રચંડ પ્રવાહમાં તણાઈ ગઈ. પરિવારજનોની આંખો સામે જ બાળકી પાણીમાં ગુમ થઈ જતાં સમગ્ર પરિવાર પર આભ તૂટી પડ્યું. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક

લોકો મોટી સંખ્યામાં સ્થળ પર દોડી આવ્યા હતા. ત્યારબાદ જિલ્લા વહીવટી તંત્રને જાણ કરવામાં આવતાં NDRFની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ગઈકાલથી સતત વરસાદ અને તેજ પાણીના પ્રવાહ વચ્ચે NDRFની ટીમે કલાકો સુધી સર્ચ ઓપરેશન ચલાવ્યું હતું.

આખરે આજે વહેલી સવારે ભારે જહેમત બાદ ઘટનાસ્થળથી અંદાજે 500 મીટર દૂર રિયાન્સીનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતદેહ મળી આવતાં પરિવારજનોમાં શોકની લાગણી છવાઈ ગઈ હતી અને સમગ્ર ધનપુર ગામ ગમગીન બની ગયું હતું. ત્યારબાદ NDRFની ટીમે જરૂરી કાર્યવાહી પૂર્ણ કરીને બાળકીનો મૃતદેહ પરિવારને સોંપ્યો હતો. બાદમાં પોસ્ટમોર્ટમ માટે મૃતદેહને બોડેલી સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો.

ગત રાત્રે ધોધમાર વરસાદને પગલે સંખેડા પાસે ઓરસંગ નદી બે કાંઠે

સંખેડા પાસે ઓરસંગ નદી બંન્ને કિનારાને અડીને બે કાંઠે વહેતી જોવા મળી હતી. ઓરસંગ નદીમાં ગત રાત્રે પડેલા ધોધમાર વરસાદ અને સુખી ડેમમાંથી સતત છોડાતા પાણીના કારણે બે કાંઠે થઈ હતી. મધ્યપ્રદેશમાંથી નીકળતી આ નદી છોટાઉદેપુરમાં પ્રવેશે છે અને ત્યાંથી જેતપુર પાવી, બોડેલી પસાર કરી સંખેડા તાલુકામાંથી પસાર થઈ ડભોઇ તાલુકાના ચાણોદ પાસે નર્મદા નદીમાં ભળી જાય છે. ગતરાત્રે ભારે વરસાદ વરસ્યો હતો તેને કારણે ઓરસંગ નદીમાં પાણીની આવક થઈ હતી.

બોડેલી તાલુકાના જબુગામ ખાતે આવેલ નવા બજારમાં ભારે વરસાદથી મકાન ધરાશાયી

હવામાન વિભાગની આગાહી મુજબ છેલ્લા બે દિવસથી બોડેલી તાલુકા સહિત સમગ્ર વિસ્તારમાં મુશળધાર વરસાદ વરસી રહ્યો છે. સતત વરસાદને કારણે અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સાથે નુકસાનની ઘટનાઓ પણ સામે આવી રહી છે.આ દરમિયાન બોડેલી તાલુકાના જબુગામના નવા બજાર વિસ્તારમાં આવેલ ગોવિંદભાઈનું મકાન ભારે વરસાદના કારણે રાત્રે 7 વાગ્યાના અરસામાં ધરાશાયી થયુ હોવાનું જાણવા મળ્યું છે સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ ઘટનાથી પરિવારમાં તથા બાજુમાં રહેતા મધ્યમ વર્ગી પરિવાર માં ભયનો માહોલ છવાઈ ગયો હતો. મકાન ધરાશાયી થતાં તેની બાજુમાં રહેતા ગરીબ મધ્યમવર્ગીય બુધાભાઈ પૂજલાલ તડવીના મકાનની દિવાલને પણ ભારે નુકસાન પહોંચ્યું છે. પરિવારના જણાવ્યા અનુસાર દિવાલમાંથી ઈંટ તૂટી પડતાં તેમની માસૂમ બાળકીને માથાના ભાગે ઈજા પણ પહોંચી હતી.

ડભોઈમાં વરસાદગ્રસ્તોને તંત્રની મદદ , ૪ હજારથી વધુ ફૂડ પેકેટ્સનું વિતરણ

ડભોઇ તાલુકામાં પડેલા ભારે વરસાદને પગલે મુશ્કેલી અનુભવી રહેલા પરિવારોને વ્હારે તાલુકા તંત્ર આવ્યું છે અને આવી સ્થિતિમાં જરૂરતમંદોને પડખે ઉભું રહ્યું છે. તાલુકા તંત્રએ આવી સ્થિતિમાં ૪ હજાર કરતા પણ વધુ ફૂડ પેકેટ્સનું વિતરણ કર્યું છે. વરસાદની સ્થિતિ સામાન્ય પડતા અધિક કલેક્ટર હિમાંશુ પરીખ, પ્રાંત અધિકારી રવિરાજસિંહ પરમાર સહિત મામલતદાર અને પ્રાંત કચેરીના કર્મયોગીઓ ફૂડ પેકેટ્સનું વિતરણ કરવા માટે ગામોમાં પહોંચી ગયા હતા. જે ગામોમાં વધારે પાણી ભરાયા હોય એવા ગામોને અગ્રતા આપવામાં આવી હતી. કલેક્ટરની સૂચના મુજબ કરવામાં આવેલી પૂર્વ તૈયારી પણ અહીં કામે આવી હતી. કારણ કે, આ સૂચનાને અનુસરી તાલુકા તંત્ર દ્વારા ફૂડ પેકેટ્સ તૈયાર રાખવામાં આવ્યા હતા. જેમાં ધારાસભ્ય શૈલેષભાઇ મહેતાની પણ સુંદર મદદ મળી હતી. વિતરણ સમયે તેમની પણ ઉપસ્થિતિ રહી હતી.

સેગવા ખાતે સ્ટોરેજ ગોડાઉનમાં વરસાદી પાણી ઘૂસતાં ૫ .૬૭ લાખનું ખાતર બગડ્યું

વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના સેગવા છેલ્લા 24 કલાક દરમિયાન પડેલા ભારે વરસાદના કારણે સેગવા ખાતે આવેલા શિનોર તાલુકા ખરીદ-વેચાણ સંઘના ક્રુભકો કોમ્યુનિટી કમ સ્ટોરેજ સેન્ટરના ભોંયરાના ગોડાઉનમાં વરસાદી પાણી ઘૂસી જતાં અંદાજે 5 લાખ 67 હજારનું ખાતર બગડી જવાની ઘટના સામે આવી છે. ગોડાઉનમાં સંગ્રહિત કુલ 1,994 ખાતરની બેગ વરસાદી પાણીમાં પલળી જતાં ઉપયોગ લાયક રહી નહોતી. તેમાં 1,840 યુરિયા ખાતરની બેગ, 100 સાગરિક ખાતરની બેગ, 48 એસ.એસ.પી. ખાતરની બેગ અને 6 ડી.એસ.પી. ખાતરની બેગનો સમાવેશ થાય છે. ભારે વરસાદના કારણે ગોડાઉનમાં પાણી ભરાઈ જતાં ખાતર પાણીમાં ઓગળી ગયું હતું,

આગાહી વચ્ચે સંખેડામાં સતત વરસાદ: ગામડી ચોકડી પાણીમાં ગરક

સતત વરસાદથી માર્ગ જળબંબાકાર; બાઈકચાલકો સહિત મુસાફરોને હાલાકી

(પ્રતિનિધિ) સંખેડા, તા. 1

સત વરસાદના કારણે સંખેડા તાલુકાના ગામડી ચોકડી પર પાણી ફરી વળ્યા છે. રસ્તા પર પાણી ભરાઈ જતા ગામડીથી સંખેડા અને બહાદરપુર તરફ જતા વાહન વ્યવહારને અસર પહોંચી છે.

પાણીના ભરાવાના કારણે આ માર્ગેથી પસાર થતા નાગરિકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. બાઈક સવારો અને નાના વાહનોને ખાસ કરીને હાલાકી પડી રહી છે.

તંત્ર દ્વારા પરિસ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે. વરસાદ ચાલુ રહેતા નીચાણવાળા વિસ્તારોમાં સાવચેતી રાખવા સ્થાનિકોને સૂચના આપવામાં આવી છે.

મોટી બુમડી ગામે કરુણ ઘટના: તલાવડીમાં ડૂબી જતાં ૯ વર્ષની બાળકીનું મોત

(પ્રતિનિધિ) બોડેલી , તા. 1

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના મોટી બુમડી ગામે ભારે વરસાદ વચ્ચે હૃદયદ્રાવક ઘટના બની છે. પાણીથી ભરાયેલી તલાવડીમાં પગ લપસતા 9 વર્ષની બાળકીનું પાણીમાં ડૂબી જવાથી મોત નીપજ્યું હતું. બનાવ અંગે બોડેલી પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધયો છે. મોટી બુમડી ગામના રહેવાસી રણજીતભાઈની 9 વર્ષની પુત્રી રીંકલ રણજીતભાઈ રાઠવા પોતાના ઘર નજીક આવેલી પાણીથી ભરાયેલી તલાવડી પાસે ગઈ હતી. આ દરમિયાન અચાનક તેનો પગ લપસતાં તે તલાવડીમાં પડી ગઈ હતી.

શિનોરમાં ભારે વરસાદથી માલપુર-છાણભોઈ માર્ગ બંધ

(પ્રતિનિધિ) શિનોર, તા. 1

વડોદરા જિલ્લાના શિનોર તાલુકામાં સતત વરસી રહેલા ભારે વરસાદના કારણે અનેક માર્ગો પાણીમાં ગરકાવ થયા છે. માલપુરથી છાણભોઈ ગામને જોડતો મુખ્ય માર્ગ વરસાદી પાણી ફરી વળતાં બંધ થઈ ગયો છે. સાથે જ ખેતરોમાં પણ વરસાદી પાણી ઘૂસી જતાં ખેડૂતોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે.

શિનોર તાલુકાના માલપુર ગામથી છાણભોઈ સુરાસામળ થી મીઢોળ જવાના મુખ્ય માર્ગ પર પાણી ફરી વળ્યા છે ગામ જવાના મુખ્ય માર્ગ પર ભારે વરસાદને કારણે અંદાજે અડધો કિલોમીટર સુધી વરસાદી પાણી ફરી વળતાં માર્ગ વાહનવ્યવહાર માટે બંધ થઈ ગયો છે. છાણભોઈ ગામ તરફ જવાના મુખ્ય માર્ગ પર ગૂંટણ સમા પાણી વહેતા હોવાથી વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. માલપુર ગામના પ્રવેશ માર્ગ પર પણ વરસાદી પાણી ફરી વળતાં ગામનો સંપર્ક પ્રભાવિત થયો છે.

બોડેલી તાલુકાના જબુગામ ખાતે પાણીના નિકાલના સ્ટ્રક્ચરના એપ્રોચનું ધોવાણ

(પ્રતિનિધિ) બોડેલી , તા. 1

બોડેલી તાલુકાના જબુગામ ખાતે મોટાવડ નજીક જબુગામ ગ્રામ પંચાયત દ્વારા ખેતરોમાંથી આવતા વરસાદી પાણીના નિકાલ માટે લાખો રૂપિયાના ખર્ચે બનાવવામાં આવેલા સ્ટ્રક્ચરને ભારે વરસાદના કારણે નુકસાન પહોંચ્યું છે. છેલ્લા બે દિવસથી સતત વરસી રહેલા ભારે વરસાદને પગલે પાણીના નિકાલ ના સ્ટ્રક્ચરના આર.સી.સી.ના નીચેના ભાગનું ધોવાણ થતાં ત્યાં ખુબજ નુકસાન જોવા મળ્યું છે સંરક્ષણ દિવાલની બાજુમાં આવેલ એપ્રોચ પણ ધોવાઈ જવાની શક્યતાઓ જોવા મળી રહી છે.

સંખેડામાં વરસાદી પાણી સાથે માછલીઓ તણાઈ આવતાં લોકો ઉમટ્યા

(પ્રતિનિધિ) સંખેડા, તા. 1

સંખેડા તાલુકામાં શુક્રવારે ભારે વરસાદ પડ્યો હતો. આ વરસાદને કારણે સંખેડા તાલુકામાંથી પસાર થતી ઢાઢર, હેરણ, ઉચ્છ ઓરસંગ નદીમાં પાણીની મબલક આવક થઈ હતી.. જોકે આ સિવાય તાલુકાના અનેક કોતરો, નાળા તેમજ કેનાલ વગેરે પાણીથી છલકાઈ ગયા છે. કોતરો, નાળા તેમજ કેનાલ પાણીથી છલકાઈ જતા તેમાં સાથે સાથે માછલી પણ આવવાની શરૂ થઈ હતી. સ્થાનિક વિસ્તારોમાં કેટલાય લોકો આ વહેતા પાણીમાં માછલીઓ તણાઈ આવતી હોઈ તેને પકડવાનું કામ કરતા હોય છે. માછલીઓ પકડવા સાથે તરત જ માછલીનું વેચાણ પણ આવી જગ્યાએ થઈ જતું હોય છે. સંખેડા તાલુકાના માંજરોલ ગામ પાસે વઢવાણા તળાવ છે. આ વઢવાણા તળાવની અંદર વઢવાણા ફીડર મારફતે પાણી આવે છે.

વઢવાણા ફીડરમાં પાણીની સાથે સાથે માછલીઓ પણ તણાઈ આવી હતી. અહીંયા પાણીમાં તણાઈ આવેલી માછલીઓને પકડવા માટે મોટી સંખ્યામાં સ્થાનિકો ઉમટી પડયા હતા.

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચુકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹ ૬ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૬૬૬૧ ફેક્સ : ૨૫૬૬૬૦

નોકરી વિષયક

ડ્રાઈવર જોઈએ છે
એરિયા- ઈચ્છાપોર, મગદલ્લા, અલથાણ, પીપલોદ DGVCL કંપની માટે 10 થી 12 કલાકની જોબ રહેશે Mo:- 8511311422

જોઈએ છે
-ઝાલર મશીન ના કારીગર - ગોપ દોરી મશીન ના કારીગર -પેંકીગ તથા પરચુરણ કામ માટે કારીગર -બેગારી કામ માટે કારીગર મો: 7984317528

ફિઝિયોથેરપિસ્ટ
અને રિસેપ્શનિસ્ટ જોઈએ છે કોલ: 9027655059

કુવૈત, દુબઈ
સાઉથ આફ્રિકા મોકલનાર એજન્ટ સંપર્ક કરો. MO:- ૬૩૫૯૨૨૦૪૯૬ (232)

મિલ્કત ભાડેથી

ઓફિસ ભાડે
આપવાની છે- બીજા માળે, નંબર- 205, (250 સ્કવેર ફિટ કારપેટ એરિયા વોશરૂમ સાથે) ચાન્સલર બિલ્ડિંગ, જૂની RTO ઓફિસની સામે, રિંગરોડ, મહાવીર હોસ્પિટલની સામે, સુરત. મો. 9016554797

કોમર્શીયલ જમીન જોઈએ છે
અમારા ગ્રાહકને, સુરત શહેરમાં રીવર ફ્રન્ટ - ચોપાટી, અઠવાલાઈન્સ થી VR મોલ વચ્ચેના વિસ્તારમાં ૧૦૦૦ થી ૨૦૦૦ વાર નો, N.A. થયેલ, ચોખ્ખા ટાઈટલ વાળો કોમર્શીયલ પ્લોટ, તાત્કાલિક જોઈએ છે.
Contact: 9825100134

2 BHK ફ્લેટ
ભાડે આપવાનો નક્ષત્ર વ્યુ, કેનાલરોડ, પાલનપુર,. મો:- ૯૮૨૫૯૨૯૫૩૭

જગ્યા ભાડે
આપવાની છે ગ્રાઉન્ડ + 2 ફ્લોર આશરે ૨૧૦૦ સ્કેવર ફુટ રંગઉપવનની પાછળ, કોગ્રેસ ઓફીસની બાજુમાં, નાનપુરા મક્કાઈપુલ સુરત મો. 8866276032, 9327552619 (237)

વેચવાની છે
રેલ પાણીથી મુક્ત વિસ્તારમાં BUC વાળી જગ્યા બી.જી.પોઈન્ટ, અટક પારડી (કોર્નર) હાઈવે ક્રોસિંગ ઉપર વલસાડ ગ્રાઉન્ડ ફલોર, પહેલા, બીજા માળ
98251 25581
98241 11984

વ્યવસાયીક ધંધાકીય

CM PEST CONTROL
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

વુલન સ્વેટર,
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

PRESIDENT PEST CONTROL
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

જોઈએ છે
વાડા મરોલી ટ્વીન સીટી-3 રેસીડેન્સીયલ પ્લોટ
M.80000 12799

ઘરબેઠા તાત્કાલિક
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184.

કબૂતર, મચ્છર જાળી
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

રેમન્ડ 3 પેન્ટપીસ
માત્ર રૂ.1500/- આલીશાન, ભવાનીવડ, હરીપુરા, સુરત.

પાલમાં ઓફીસ તથા દુકાન વેચાણથી આપવાની છે.
380ચો. ફુટ સુપર બિલ્ટઅપ એરિયા, પહેલા માળે, ગેલેક્ષી સર્કલ પાસે
460ચો. ફુટ સુપર બિલ્ટઅપ એરિયા, ગ્રાઉન્ડ ફલોર, નિસલ સર્કલ પાસે
9712979399

કંપનીની સાદી,
એલ્યુમિનિયમની જમ્પર ગીયર ડિસ્કબ્રેકવાળી તેમજ બેટરીવાળી સાયકલો વ્યાજબીભાવે ખરીદો. ડીલર: સ્વામીનારાયણ સાયકલ, ઝુંડાશેરી, સગરામપુરા.9974094855

મિલ્કત વેચવાની છે

સુરત ડાયમંડ બુર્સ
ઓફિસ વેચવાની છે. MO. 9687580001

વેચવાની છે
જમીન સોલાર લાયક (93 વિંઘા) ગામ : કાળા વ્યારા, કણજા Mo: 9687580001

પ્લોટ ફાયદાથી વેચવાનો છે
આત્મીયવિલા સોસાયટી, કામરેજ
Mo.9925024239

વકીલ, CA,
આર્કીટેક, ટ્રાવેલ્સ વગેરે લાયક ઓફિસ વેચવાની છે પાર્લે પોઈન્ટ મેઈન રોડ 9879276073

ફ્લેટ વેચવાનો છે
પૂર મુક્ત નાનપુરા વિસ્તારમાં 1 BHK ફ્લેટ વેચવાનો છે. ફોન: 9825177981.

મોકાની દુકાન
વેચવાની છે. (350 સ્કવેર ફીટ) ડોક્ટર વકીલ સી.એ. અને ટ્યુશન ક્લાસ માટે ઉત્તમ ટર્નિંગ પોઈન્ટ કોમ્પ્લેક્સ ઘોડદોડ રોડ. સુરત સંપર્ક: 8758708059

શેડ ભાડે આપવાનો છે. (R.C.C.)
1)Ground Floor 9000 SQft 18 Ft Hight
2)1st Floor 6500 SQft
3)2nd Floor 12500 SQft
ઓલપાડ G.I.D.C.
80 HP Power
Mo.9824752211

વેચવાના છે
રો- હાઉસ ઓલપાડ સાયણ રોડ પર (રોડ ટચ) BLOCK. NO. 4. 386, 387. (કોર્નર + ગાર્ડન) આરજો મારજો કરવામાં આવશે. MO: 9925055555

પરશુરામ ગાર્ડન
અડાજણ 151 વારનો પ્લોટ વેચવાનો. દલાલ માફ. 9601662923

વેચવાની છે.
25 વિઘા જમીન મોરભગવા ઓલપાડ (રોડ ટચ) આરજો મારજો કરવામા આવશે. 9925055555

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

મહાદેવ ટુર એન્ડ
ટ્રાવેલ્સ. (શ્રાવણમાં પાંચ મહાદેવ), (12 મહાદેવ), (કાવી કંબોઈ સ્તંભેશ્વર મહાદેવ, કાયાવરોહણ, નારેશ્વર) (ભીમાશંકર, ત્ર્યંબકેશ્વર, ધૃષ્ણેશ્વર) (અષ્ટવિનાયક, દગડુ શેઠ ગણપતિ) 7802062340 (238)

નાની ઓફિસ ભાડેથી
- વેચાણથી આપવાની ઓનલાઈન/ કોસ્મેટિક સપ્લાય/મોડલિંગ અન્ય ટ્રેડ હાઉસ, રિંગરોડ 9228207838

મિલ્કત ભાડે -વેચાણ

મહિધરપુરા,
હરિપુરા, રામપુરામાં ફ્લેટ, પ્લોટ, મકાન લે- વેચ ભાડે માટે મળો. 9879276073

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.